રજુ તારીખ	૨૮–૦૬–૨૦૨૩		
નોંધ્યા તારીખ	૨૮–૦૬–૨૦૨૩		
ફેસલ તારીખ	૧૫–૦૬–૨૦૨૬		
સમય	દિવસ	માસ	વર્ષ

નડીઆદના અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કુમારી ડી.પી.છાટબાર સાહેબની કોર્ટમાં, મુ.નડીઆદ.

ફોજદારી કેસ નં.૨૯૧૩/૨૦૨૩
આંક–

ફરીયાદી :– રાજ દિગ્વીજય ઇન્દ્રવદન,
રહે.આશાપુરી ચોક, દરબાર વગો,
મહોળેલ, તા.નડીઆદ, જી.ખેડા.

વિરૂદ્ધ

આરોપીઓ:– (૧) **કરણકુમાર પરેશભાઇ પટેલ,**
(૨) **એકતાબેન કરણકુમાર પટેલ,**
બંને રહે.પોસ્ટવાળુ ફળીયું, મુ.પાડગોલ,
તા.પેટલાદ, જી.આણંદ.

ગુનો:– **ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે.**

ફરીયાદી તરફે વિ.વ.શ્રી એ.પી.સોલંકી
આરોપીઓ તરફે વિ.વ.શ્રી પી.એચ.ચોકસી

::– ચુ કા દો –::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ખેતી, નોકરી તેમજ છુટક–જથ્થાબંધ તમાકુનો વેપાર કરે છે અને આરોપી તમાકુનો પાક તેમની જમીનમાં કરેલો અને આશરે ૧૦૩ મણ

જેટલો આરોપીએ તમાકુની ઉપજ કાઢી હતી. તેઓ દર વર્ષે હાથજના સતપાલસિંહ જાડેજાનાઓને તમાકુ આપતા હતા પરંતુ સતપાલસિંહ જાડેજા આરોપીને ફરીયાદીની તમાકુ જોવા માટે લઇને આવેલા અને ફરીયાદીની તમાકુ પસંદ આવી જતા સતપાલસિંહ જાડેજાની રૂબરૂમાં ફરીયાદીની તમાકુનો ભાવ તાલ નકકી કરી એક મણ તમાકુનો ભાવ રૂા.૧,૫૫૧/- નકકી કરી આરોપી તથા જાડેજા સતપાલસિંહનાઓ જતા રહેલા. આરોપી ફરીયાદીને ત્યાં આવી નકકી થયા મુજબની તમાકુ લેવા માટે આવેલા અને ફરીયાદી જાડેજા સતપાલસિંહ ઇન્દ્રજીતના મિત્ર થતા હોઇ આરોપી ઉપર વિશ્વાસ રાખીને ૧૦૩ મણ તમાકુ આરોપીએ તમારા સાધનમાં ભરેલ અને સદર ૧૦૩ મણ તમાકુ રૂા.૧,૬૦,૫૦૦/- ની થતી હોય આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, તમારી તમાકુની કુલ રકમ રૂા.૧,૬૦,૫૦૦/- થાય છે તમોને રોકડા આપી દેવાનો હતો પરંતુ આજે રવિવાર છે જેથી હું તમોને તમારી રૂા.૧,૬૦,૫૦૦/- ની રકમ હાલમાં અમારી પાસે સગવડ નથી જેથી હું તમોને હાલે ચેક આપી દઇશ તેમ આરોપીએ ફરીયાદીને જણાવતા ફરીયાદીએ આરોપીને સદર તમાકુ લઇ જવા દીધેલ. આરોપીએ ફરીયાદીને બેંક ઓફ બરોડા, પાડગોલ શાખાનો તા.૨૫-૪-૨૦૨૩ ના રોજનો ચેક નં.૦૦૦૧૨૫ નો રૂા.૧,૬૦,૫૦૦/- નો આપેલ અને સદર ચેક આપતી વખતે ફરીયાદીની રૂબરૂમાં ચેકની તમામ વિગતો ભરીને ચેકમાં આરોપીની સહી કરીને આપેલ અને સદર ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, સદર ચેક તમો તમારા ખાતામાં જમા કરાવશો તો તરત જ તમારા તમાકુના માંગતા નાણાં તમોને મળી જશે જેથી તેઓએ આરોપી ઉપર વિશ્વાસ અને ભોરસો રાખી સદર ચેકનો સ્વીકાર કરેલ. સદર સાહેદ વધુમાં એવો પુરાવો આપે છે કે, આરોપીએ આપેલ વિશ્વાસ મુજબ સદર ચેક ફરીયાદીએ તેમની એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેંક, નડીઆદ શાખામાં પોતાના ખાતામાં તા.૨૬-૪-૨૦૨૩ ના રોજ ભરતાં આરોપીએ આપેલો ચેક તા.૨૭-૪-૨૦૨૩ ના રોજ ''ઇનશફીશીયન્ટ ફંડ'' ના શેરા સાથે પરત ફરેલો. જેથી ફરીયાદીએ

આરોપીને રૂબરૂમાં મળીને રીટર્ન મેમા બાબતે વાત કરેલ ત્યારે આરોપીએ જણાવેલ કે, તમો ચેકના નાણાંની ચિંતા કરશો નહી હાલમાં મારી પાસે સગવડ હતી નહી જેથી તમારો ચેક પરત ફરેલ છે પણ તમો સદર ચેક તા.૫-૫-૨૦૨૩ ના રોજ તમારી બેંકના ખાતામાં ભરજો એટલે તમોને તમારા નાણાં ચોકકસ મળી જશે. જેથી આરોપીના કથન ઉપર વિશ્વાસ રાખી ફરીયાદીએ સદર ચેક તા.૫-૫-૨૦૨૩ ના રોજ એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેંક લિ., નડીઆદ શાખામાં ભરતાં સદર ચેક નં.૦૦૦૧૨૫ તા.૬-૫-૨૦૨૩ ના રોજ કારણ નં.૧ ''ફંડ ઇનશફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ અને તેમને તેમના ચેકના નાણાં મળેલ નહી. આમ, આરોપીએ ફરીયાદીને ચેક આપતી વખતે આપેલા વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરેલ.

આરોપીએ આપેલ ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ હોઇ ફરીયાદીએ આરોપીને તેમના વિ.વ.શ્રી મારફતે તા.૧૮-૫-૨૦૨૩ ના રોજ આર.પી.એડી. દ્વારા લીગલ નોટીસ આપેલ જે નોટીસમાં સ્પષ્ટ જણાવેલ કે, નોટીસ મળ્યેથી દિન-૧૫ માં ચેકની રકમ ચુકવી આપવી જે નોટીસ આરોપીને આર.પી.એડી.થી તા.૨૦-૫-૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીને ચેકના નાણાં ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. જેથી હાલની ફરીયાદ દાખલ કરવા ફરજ પડેલ છે.

(૨) આ કામનું રેકર્ડ વંચાણે લેતાં સદર કેસમાં ફરીયાદી દ્વારા સંયુકત ખાતેદારોને આરોપીઓ તરીકે દર્શાવવામાં આવેલ છે પરંતુ સદર ચેકમાં આરોપી નં.૧ કરણકુમાર પરેશભાઇ પટેલનાઓની જ સહી હોવાનું જણાઇ આવે છે. જેથી ફરીયાદીની ફરીયાદ અન્વયે આરોપી નં.૧ વિરૂધ્ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવા આરોપી નં.૧ નાઓને સમન્સ કાઢવામાં આવેલ હતો જેની ધોરણસર બજવણી થઈ જતા આરોપી નં.૧ અદાલત સમક્ષ ઉપસ્થિત થયા છે. આરોપી નં.૧ને ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાઓની નકલ મળી ગયા હોવાની ખાત્રી કરી સદરહુ ગુના અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૧ મુજબ

પુછપરછ કરવામાં આવતા આરોપી નં.૧ એ ગુનાની ઇન્કારી કરી કેસ આગળ ચલાવવા માંગણી કરતા આંક-૯ આરોપી નં.૧ નો સદરહુ જવાબ નોંધી કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહુ કેસના સમર્થન માટે ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે:-

::- મૌખિક પુરાવો -::

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદી રાજ દિગ્વીજય ઇન્દ્રવદનના પુરાવાનું સોગંદનામું	૦૪

:- દસ્તાવેજી પુરાવો -::

ક્રમ	વિગત	આંક
૧	અસલ ચેક	૧૬
૨	રીટર્ન મેમો	૧૭
૩	રીટર્ન મેમો	૧૮
૪	અસલ નોટીસ	૧૯
૫	પોસ્ટની વિન્ડો સ્લીપ અસલ	૨૦
૬	ટ્રેક રીપોર્ટ	૨૧
૭	ફરીયાદીના આધાર કાર્ડની નકલ	૨૨

(૪) આ ફરીયાદના કામે આરોપી નં.૧ સમન્સ નોટીસ બાદ હાજર થયેલા છે પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ માટે તેઓને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં તેઓ ઉલટ તપાસ માટે વકીલશ્રી દ્વારા હાજર રહેલ નથી કે તે સબબ કોઇ રજુઆત કરેલ નથી. તે સંજોગોમાં આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ થયેલ નથી. આરોપી નં.૧ તેમના વિશેષ નિવેદન માટે પણ હાજર રહેલા નથી અને હાલની ફરીયાદની ઇન્સાફી કાર્યવાહી આરોપી નં.૧ ની ગેરહાજરીમાં ચાલેલ હોય, આરોપી નં.૧ ની ગેરહાજરીના કારણે તેઓનું વધારાનું નિવેદન નોંધેલ નથી. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩(બી) ધ્યાને લેતાં આ મુજબની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ છે.

(૫) ફરીયાદી તરફે વિ.વ.શ્રીએ હાજર રહીને દલીલ કરી રજુઆત કરેલ છે કે, આરોપી દ્વારા તમાકુના પાકના બદલામાં ફરીયાદવાળો ચેક ફરીયાદીની તરફેણમાં આપવામાં આવેલ હતો. જે ચેક ''ફંડ ઈનસફીશ્યન્ટ'' ના કારણે પરત થયેલ હતો અને ત્યાબાદ સમયાંતરે હાલની ફરીયાદનું કારણ ઉદભવેલ હતું. હાલના કેસની ટ્રાયલ દરમ્યાન આ કામના આરોપીને મુદત આપવા છતાં તેઓએ સદરહુ કામે હાજર રહી ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી. રજુ થયેલ પુરાવા આધારે ફરીયાદપક્ષે પોતાનો કેસ લેખિત, મૌખિક પુરાવા દ્વારા નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ અન્વયે મહત્તમ સજા કરી ફરીયાદીને ચેકની રકમના રૂપિયા વળતર પેટે અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૬) આરોપી નં.૧ તરફે રજુઆત કરવા દલીલના તબકકે કોઈ હાજર રહેલ નથી. તે બાદ સદરહુ કેસના આખરી હુકમ માટે મુલત્વી રાખવામાં આવે છે.

(૭) રજુ થયેલ પુરાવો વંચાણે લીધો. ફરીયાદપક્ષની દલીલો સાંભળી આ કામે રજુ થયેલ પુરાવો તથા દલીલોના આધારે આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થાય છે:-

<u>::- મુ દ્દા ઓ -::</u>

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ એ કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદીની ફરીયાદમાં જણાવેલ ચેક આપેલ જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં કલીયરીંગ અર્થે રજુ કરતા ''ફંડ ઈનસફીશીયન્ટ''ના કારણોસર વગર ચુકવાયેલો પરત આવ્યો હતો જે અંગે ફરીયાદીએ તેઓને આર.પી.એડી.થી નોટીસ આપી ચેકવાળા લેણાની ઉઘરાણી કરતા આરોપીએ તેવુ લેણું સમયસર ચુકવી આપવાની કસુર કરી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

:૨: શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે:–

<u>નિર્ણયો</u>

:૧: હકારમાં

:૨: આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે:–

::– કા ર ણો –::

<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>

(૧૦) સદર કેસ ફોજદારી સ્વરૂપનો હોય પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો સાબિતીનો બોજો આ કામે ફરીયાદપક્ષના શિરે રહેલ છે.જેથી ફરીયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ની જોગવાઈ અનુસાર પોતાનો કેસ પુરવાર કરવો પડે. આ ઉપરાંત નેગોશીએબલ ઈનસ્ટુમેન્ટ એકટ અનુસાર ફરીયાદપક્ષના પુરાવાઓનુ ખંડન કરવાનો બોજો આરોપીના શિરે છે.

સદર કામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ નજર સમક્ષ રાખી પડેલ પુરાવાઓની મુલવણી કરવાની હોય છે અને આરોપી સામે જયારે સદર કાયદાની કલમ–૧૩૮ મુજબના ગુન્હાનો આરોપ ફરીયાદપક્ષ દ્વારા મુકવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીએ સૌપ્રથમ એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે આરોપી દ્વારા આપવામા આવેલ ચેક કાયદેસરના લેણા તથા અન્ય જવાબદારી પેટે આપવામાં આવેલ. વધુમાં સદર કાયદામાં અમુક અનુમાન અંગેના પણ પ્રબંધ કરવામાં આવેલ છે અને તેવા અનુમાનનુ આરોપી વાજબી પુરાવા વડે ખંડન કરી શકે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પ્રત્યક્ષ તથા પરોક્ષ પુરાવાનાં સંદર્ભમાં કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ "ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮'' વંચાણે લેતાં, " સમગ્ર રીતે અથવા અંશત; કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી

વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકનાં સ્વિકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ આ રકમ કરતા વધુ છે, ત્યારે આવી વ્યકિતએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની પેટા કલમ (એ) (બી) (સી) ની શરતોને આધિન ગુન્હો કર્યો છે તેમ કહેવાય, જેમા દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી" પ્રકારનો કાયદામાં સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે.

આ કાયદા ઘડવા પાછળ ધારાસભાનો હેતુ જોવામા આવે તો રોજબરોજના દૈનિક આર્થિક વ્યવહારો અને વેપારીક નાણાકીય વ્યવહાર સરળતાથી થઈ શકે અને જુદા જુદા વ્યાપારીક વ્યવહારોમાં ઉપયોગ થતા સંસાધનો અંગે લોકોને કાયદાથી રક્ષણ મળે તેવો અને લેખની વિશ્વસનીયતા વધારવાના અને બેંકીંગ કાર્યવાહી અસરકારક બને અને ચોકકસાઇ વધી રહે તેવા પ્રકારનો છે અને આમ, સદર કાયદાનો હેતુ આર્થિક વ્યવહારોની વિશ્વસનીયતા બનાવી રાખવાનો છે.

(૧૧) આ હકીકતને જોતાં, કોઈપણ વ્યકિતએ તેનું કાયદેસરનું દેવુ અને જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક કોઇની તરફેણમાં લખી આપે અને તે ચેક મુજબની રકમ લખનારનાં ખાતામાં ન હોય, ખાતુ બ્લોક હોય અને અપુરતી રકમનાં કારણે ચેક પરત ફરે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ગુન્હો બને છે તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ, તેવુ દેવુ અને જવાબદારી કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવુ હોવુ જોઈએ તેમ ધી નેગ્રો.ઈન્સ્ટ્રુ એકટનીમાં આવેલી કલમ–૧૩૮ સ્પષ્ટતા કરવામાં છે. જયારે ફરીયાદીએ આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબના ગુન્હાની ફરીયાદ કરેલ હોય ત્યારે તે સંજોગોમાં સદર કાયદાની કલમ ૧૩૯ ધ્યાને લેતા તે નીચે મુજબ છે:–

Section.139 Presumption in favour of holder

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ સાથે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે:–

Section.118 Presumptions as to negotiable instruments

Until the contrary is proved,the following presumptions shall be made:

(a) of consideration: that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;

(b) as to date: that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance: that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer: that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of endorsements: that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamps: that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course : that the holder of

a negotiable instrument is a holder in due course;

provided that, where the instrument has been contained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud,or has been obtained from the maker or accept or thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો સદર બંને જોગવાઇઓ લેણા પેટે અનુમાન કરવા સંદર્ભે છે.

(૧૨) ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ઉપરોકત તત્વો તથા ઉકત કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં, આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવતા આંક–૧૭, ૧૮ થી રજુ થયેલ ચેક રીટર્ન મેમો ધ્યાને લેતાં આંક–૧૬ ના ચેકમાં આરોપીની સહી નથી કે સદરહુ ચેક આરોપીના ખાતાનો નથી તેવી કોઇ વિગત ફલિત થતી નથી. વધુમાં આ કામના આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ થયેલ નથી. તે સંજોગોમાં, આરોપીના બેંક ખાતાનો, આરોપીની સહીવાળો ચેક ફરીયાદી પાસે કયા કારણોસર ગયો તે વિગત બાબતે અન્ય યોગ્ય ખુલાસો આરોપીએ કરેલ નથી કે ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું કોઇ ખંડન કરવા આરોપીપક્ષ હાજર રહેલ નથી. તે સંજોગોમાં, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ધ્યાને લેતાં, સદરહુ ચેક આરોપીએ કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું અનુમાન ઉપસ્થિત થાય છે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. વધુમાં આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ થયેલ ન હોય, કે બચાવનો કોઇ પુરાવો રજુ થયેલ ન હોય આરોપી સદરહુ અનુમાનનું ખંડન કરી શકેલ નથી, તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. આ સંજોગોમાં, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇઓ ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદવાળો ચેક

કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે તેવું હું માનું છું. આંક-૧૭, ૧૮ વાળો બેંક મેમો ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આરોપીના ખાતામાં ''ફંડ ઇનસફીશ્યન્ટ'' ના કારણોસર પરત ફરેલ છે, તેમ પુરવાર થાય છે.

આ ઉપરાંત સદર કામે પડેલ દસ્તાવેજી પુરાવાઓ અને પ્રત્યક્ષ પુરાવાઓની મૂલવણી કરતા અને હાથ પરનો કેસ ફરિયાદી દ્વારા ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અનુસાર દાખલ કરવામાં આવેલ હોય અને સદર કાયદાની જોગવાઈ અનુસાર આપવામાં આવેલ ચેક કાયદેસરના લેણાની ચુકવણી પેટે આપવામાં આવેલ તેવું અનુમાન કરવાની જોગવાઈ હોય તે સંજોગોમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ૧૫ માર્ચ ૨૦૧૯ ના રોજ Rohitbhai J. Patel vs. The State of Gujarat (ક્રિમિનલ અપીલ નં. ૫૮૧/૨૦૧૯ Arising out of Special Leave Petition Crl. of 1883/2018) ના ચુકાદાના પેરા-૧૭ માં નીચે મુજબ સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે:

> *19. The observations of the Trial Court that there was no documentary evidence to show the source of funds with the respondent to advance the loan or that the , respondent did not record the transaction in the form of receipt of even kachcha notes or that, there were inconsistencies in the statement of the complainant and his witness or that the, witness of the complaint was more in know of facts etc would have been relevant if the matter. was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the complainant by virtue of Sections and of 118 139 the NI Act Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the complainant When such a presumption is drawn the factors relating to the want of, documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of*

relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not The other observations. as regards any variance in the statement of complainant and witness or want of knowledge; about dates and other particulars of the cheques or washing away of the earlier cheques; in the rains though the office of the complainant being on the floor had also been of 8 irrelevant factors for consideration of a probable defense of the appellant.

આમ, સદર ચુકાદાના ઉકત સ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં વટાઉખત અધિનિયમની કલમ-૧૧૮ અને ૧૩૮ હેઠળના અનુમાનને લક્ષમાં રાખતા ફરીયાદીએ દીવાની દાવાની જેમ પોતાની લેણી રકમ પુરવાર કરવાની રહેતી નથી.

વિવાદાસ્પદ ચેક, બેંક મેમો, નોટિસ તથા ફરિયાદની તારીખ ધ્યાને લેતા હાલની ફરિયાદને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના સમયના પ્રબંધોનો કોઈ બાધ નડતો નથી તેમ હું માનું છું.

આમ, ઉપરોકત ચર્ચાના આધારે સદરહુ આરોપીના ખાતાનો ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું, તે ચેક આરોપીના ખાતામાં અપુરતા નાણાં હોવાના કારણોસર પરત ફરેલાનું, ત્યારબાદ ફરીયાદીએ આપેલ નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં સદરહુ ફરીયાદવાળા ચેકના નાણાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ ન હોવાની વિગત ફરીયાદપક્ષે તેના પુરાવા દ્વારા નિ:શંકપણે પુરવાર કરેલ હોય, આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૧૩) સમન્સ ટ્રાયેબલ કેસોમાં સજાના મુદ્દે અલગથી સાંભળવા જરૂરી નથી. સદરહુ કેસ આર્થિક ગુનાના પ્રકારના હોવાની હકીકતો ધ્યાને લીધી. ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબના આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

::- આ ખ રી હુ ક મ -::

૧. આ કામના આરોપી **(૧) કરણકુમાર પરેશભાઇ પટેલ,** રહે.પોસ્ટવાળું ફળીયું, મુ.પાડગોલ, તા.પેટલાદ, જી.આણંદવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) મુજબ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના માટે દોષિત ઠરાવવામાં આવે છે.

૨. સમન્સ ટ્રાયેબલ કેસોમાં સજાના મુદ્દે અલગથી સાંભળવા જરૂરી નથી. સદરહુ કેસ આર્થિક ગુનાના પ્રકારના હોવાની હકીકતો ધ્યાને લીધી.

૩. આરોપી **(૧) કરણકુમાર પરેશભાઇ પટેલ,** રહે.પોસ્ટવાળું ફળીયું, મુ.પાડગોલ, તા.પેટલાદ, જી.આણંદનાઓને ૬(છ) માસની સાદી કેદની સજા તથા રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. આરોપી દંડની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો વધુ ર (બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સદરહુ કામે આરોપી **(૧) કરણકુમાર પરેશભાઇ પટેલ,** રહે.પોસ્ટવાળું ફળીયું, મુ.પાડગોલ, તા.પેટલાદ, જી.આણંદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭(૩) અન્વયે ફરીયાદીને ફરીયાદમાં જણાવેલ ચેકની રકમ રૂા.૧,૬૦,૫૦૦/- (અંકે રૂપિયા એક લાખ સાઇઠ હજાર પાંચસો પુરા) વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામના આરોપી **(૧) કરણકુમાર પરેશભાઇ પટેલ,** રહે.પોસ્ટવાળું ફળીયું, મુ.પાડગોલ, તા.પેટલાદ, જી.આણંદ હાજર ન હોય તેમની સામે સજાની અમલવારી સબબ ધારાધોરણસર મુજબનું વોરંટ પોલીસ અધિક્ષકશ્રી, આણંદને બજવણી સારૂ મોકલી આપવું અને સદરહુ વોરંટની અમલવારી સંદર્ભનો રીપોર્ટ આ હુકમની તારીખથી દર મહીનાની પહેલી તારીખે અત્રેની કોર્ટને

બીનચુક કરવી.

૬. આરોપીને સદરહુ હુકમની એક નકલ વિના મૂલ્યે પુરી પાડવી.

સદર હુકમની યાદી પોલીસ અધિક્ષકશ્રી, આણંદને આરોપીના વોરંટ સાથે કરવી.

હુકમ આજ રોજ તા.૧૫મી માહે જૂન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુ.નડીઆદ. **તા.૧૫–૦૬–૨૦૨૬**	**(કુ.દર્શના પ્રહલાદભાઇ છાટબાર)** અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, નડીઆદ. કોડ નં.જી.જે.૦૧૪૨૬